# આપણી વાત

**■ સંકલન : પ્રફુલ્લ રાવલ ■**

સાહિત્ય અકાદેમી દિલ્હી અને ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા 'કાન્ત : પર્યવલોકન' વિષય પર પરિસંવાદનો એક દિવસનો કાર્યક્રમ તા. ૧૬-૯-૨૦૧૭ના રોજ ગોવર્ધન સ્મૃતિમંદિર, ગુજરાતી સાહિત્ય પરિષદમાં યોજાયો હતો.

પરિસંવાદના પ્રારંભે પરિષદના પ્રકાશનમંત્રી શ્રી ઉષા ઉપાધ્યાયે પ્રારંભિક વક્તવ્ય આપ્યું હતું. વક્તાઓનો પરિચય કરાવ્યો હતો. તેમજ કવિ કાન્તની યુગની ચેતનાને યાદ કરીને તેમની સાહિત્યોપાસનાને મુખોમુખ કરી હતી. ગુજરાતી સલાહકાર સમિતિ, સાહિત્ય અકાદેમી દિલ્હીના નિમંત્રક શ્રી સિતાંશુ યશશ્ચંદ્રએ પ્રાક્કથનમાં કાન્તની વિશેષતા ચીંધી આપી હતી. તેમણે કવિ કાન્ત અને વ્યક્તિ તરીકે તેમણે કરેલી મથામણની વાત કરી હતી. આજે આપણે કાન્તને ફરી ફરી ઓળખવાનો પ્રયત્ન કરીએ છીએ. આજે આપણે ટેક્સ કરતાં સબ ટેક્સ પર વધારે ભાર મૂકીએ છીએ. કવિ ન્હાનાલાલ કરતાં જુદો કવિ કાન્ત છે. ગાંધીજી પહેલાં નારીઓને ખંડકાવ્યો અને કવાલીઓમાં લઈ આવે છે. 'અભિજ્ઞાન' ૧૯મી સદીનો ભારતનો સહદેવ હતો. આ રીતે તેમણે કાન્તનાં ખંડકાવ્યોની આજના સંદર્ભે વાત કરી હતી. પરિષદના પ્રમુખશ્રી ચંદ્રકાન્ત ટોપીવાળાએ કહ્યું હતું કે કાન્તની પ્રતિભા ચાહવું અને સહવુંની છે. કલાભાવના જતી રહી હતી, ધર્મના ભાવના જેની કોઈ પરંપરા ન હતી એવા સમયે કાન્ત પ્રેમની વાત કરે છે. એમનાં ખંડકાવ્યો અને કવાલીઓમાં પ્રેમ વ્યક્ત થયો છે. કાન્ત જ ગુજરાતી પ્રથમ ખંડકાવ્યો આપનારો પહેલો અને છેલ્લો કવિ છે. તેમણે ખંડકાવ્યો સાંપ્રત સમયમાં પણ કેવાં મૂલ્યવાન બની રહે છે તેની વિગતે ચર્ચા કરી હતી.

આ કાર્યક્રમની બીજી બેઠક ૧૧-૩૦ વાગે શરૂ થઈ હતી. પરિષદના મહામંત્રીશ્રી પ્રફુલ્લ રાવલે 'કાન્તનો યુગ અને જીવનસંદર્ભ' વિષય પર વક્તવ્ય આપ્યું હતું. જેમાં તેમણે શિક્ષણ અને ધર્મપરિવર્તનથી લઈને જીવનમાં અને તેમના કુટુંબમાં બનેલાર અનેક પ્રસંગોની ચર્ચા કરી હતી. શ્રી રાજેશ પંડ્યાએ 'કાન્તનાં પૂર્વ ખંડકાવ્યો અને ઉત્તર ખંડકાવ્યો' વિષય પર વક્તવ્ય આપ્યું હતું. જેમાં તેમણે કહ્યું હતું કે પૂર્વ ખંડકાવ્યોમાં જ ઉત્તર ખંડકાવ્યોની કાચી સામગ્રી મળે છે. તેમણે ઉત્તરખંડકાવ્યોની ચર્ચા કરતાં કહ્યું હતું કે બધાં જ ખંડકાવ્યોમાં અભિશાપ મહત્ત્વનો બની રહે છે. આ રીતે તેમણે પુરાણોની સાથે સાથે આ ખંડકાવ્યોની વિગતે ચર્ચા કરી હતી. શ્રી જયદેવ શુક્લએ 'કાન્તનાં ખંડકાવ્યોથી ઇતરકાવ્યોની આજના સંદર્ભમાં તપાસ' વિષય પર વક્તવ્ય આપ્યું હતું. શ્રી વિજય પંડ્યાએ 'સિદ્ધાંતસારનું અવલોકન વિશે કાન્તની પ્રસ્થાપના' વિશે વક્તવ્ય આપ્યું હતું. જેમાં તેમણે આ અવલોકનની ક્ષતિઓ ચીંધી આપી હતી. શ્રી શિરીષ પંચાલે 'કાન્તના વિવેચન પરનું વિવેચન' વિશે વક્તવ્ય આપ્યું હતું. જેમાં ભૃગુરાય અંજારિયાથી માંડીને અનેક વિવેચકોએ કરેલી કાન્તનાં સર્જનોની વિશેષતા સાથે ખામીઓની પણ ચર્ચા કરી હતી.

આ કાર્યક્રમની ત્રીજી બેઠક ૨-૩૦ વાગ્યે શરૂ થઈ હતી. શ્રી સતીશ વ્યાસે 'કાન્તનાં નાટકો' વિષય પર વક્તવ્ય આપ્યું હતું. જેમાં 'ગુરુ ગોવિંદસિંહ' અને 'રોમન સ્વરાજ્ય' નાટક આજે કેટલાં પ્રસ્તુત છે તેની ચર્ચા કરી હતી. શ્રી રમેશ બી. શાહે 'રોમન સ્વરાજની વર્તમાન પ્રસ્તુતતા' વિષય પર વક્તવ્ય આપ્યું હતું. શ્રી નિવ્યા પટેલે 'કાન્તનું પત્રસાહિત્ય' વિશે વક્તવ્ય આપ્યું હતું. શ્રી યોગેશ જોશીએ સમાપન-વક્તવ્ય આપ્યું હતું.

ગુજરાતી સાહિત્ય તથા શ્રેયસ પ્રતિષ્ઠાનના સંયુક્ત ઉપક્રમે શ્રી વ્રજલાલ દવે (શૈક્ષણિક) વ્યાખ્યાનમાળા અંતર્ગત શ્રી હેમેન્દ્ર વિ. ભટ્ટે 'બાલકેળવણી : આપણા જીવનની બુનિયાદ' વિષય પર તા. ૨-૯-૨૦૧૭ના રોજ શ્રેયસ પ્રતિષ્ઠાન, શ્રેયસ ઓવરબ્રિજની આગળ, વિશાઓસવાલ ક્લબની બાજુમાં, આંબાવાડી પોસ્ટ ઑફિસ પાસે, આંબાવાડી અમદાવાદમાં શ્રી વિદ્યુત જોશીની વિશેષ ઉપસ્થિતિમાં વક્તવ્ય આપ્યું હતું.

ગુજરાતી સાહિત્ય પરિષદ તથા ગુજરાતી ભાષાસાહિત્ય ભવન, મહારાજા કૃષ્ણમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી, ભાવનગરના સંયુક્ત ઉપક્રમે શ્રી વ્રજલાલ દવે (સાહિત્ય) વ્યાખ્યાનમાળા અંતર્ગત શ્રી હર્ષ એમ. ચૌવટિયાએ તા. ૫-૯-૨૦૧૭ના રોજ બપોરે ૧-૩૦ કલાકે ગુજરાતી ભાષાસાહિત્ય ભવન, મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીમાં જયંત પાઠકકૃત સંસ્મરણ 'વનાંચલ' વિષય પર વક્તવ્ય આપ્યું હતું.

ગુજરાતી સાહિત્ય પરિષદ તથા શ્રી સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ, સોજિત્રા (જિ.આણંદ)ના સંયુક્ત ઉપક્રમે શ્રી ગની દહીંવાલા (સાહિત્ય) વ્યાખ્યાનમાળા અંતર્ગત તા. ૬-૯-૨૦૧૭ના રોજ સવારે ૯-૦૦ કલાકે, શ્રી શ્રી સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ, સોજિત્રામાં શ્રી જયંત ઓઝાએ 'કવિશ્રી મનોજ ખંડેરિયાની કાવ્યયાત્રા' વિષય પર વક્તવ્ય આપ્યું હતું.

ગુજરાતી સાહિત્ય પરિષદ તથા ગુજરાતી ભાષાસાહિત્ય ભવન, મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી, ભાવનગરના સંયુક્ત ઉપક્રમે શ્રી પી. જે. ઉદાણી લોકસાહિત્ય વ્યાખ્યાનમાળા અંતર્ગત તા. ૨૧-૯-૨૦૧૭ના રોજ બપોરે ૧-૩૦ વાગે ભાષાસાહિત્ય ભવન, મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી, ભાવનગરમાં શ્રી નિપા દવે-ભટ્ટે 'ગંગાસતી - જીવન અને કવન : ત્રણ ભજનોના સંદર્ભમાં' વિષય પર વક્તવ્ય આપ્યું હતું.

ગુજરાતી સાહિત્ય પરિષદ તથા શ્રી અક્ષિશ્કત્ર સંસ્કાર કેન્દ્ર, ભાવનગરના સંયુક્ત ઉપક્રમે શ્રી ભક્તિપ્રસાદ મો. ત્રિવેદી (પત્રકારત્વ) વ્યાખ્યાનમાળા અંતર્ગત તા. ૨૩-૯-૨૦૧૭ના રોજ સાંજે ૫-૩૦ કલાકે શ્રી અક્ષિશ્કત્ર સંસ્કાર કેન્દ્ર, ગીતાચોક, ભાવનગરમાં પ્રા. ડૉ. કિરીટ ૨. ભટ્ટે 'મહાત્મા ગાંધીનું પત્રકારત્વ' વિષય પર વક્તવ્ય આપ્યું હતું. અને 'સમસ્યાથી મુક્તિનો માર્ગ મળે છે.' વાર્તા સરસ રીતે ઝિલાઈ હતી. પાત્રો અને ઘટનાની ગૂંથણી રસપ્રદ હતી.

તા. ૨૧-૯-૨૦૧૭ના રોજ પાક્ષિકી અંતર્ગત શ્રી રાજેશ અંતાણીએ વાર્તા 'ખાલી મેદાનમાં પડઘા'નું પઠન કર્યું હતું. વાર્તા ભૂતકાળમાં સહકર્મચારીઓએ કરેલા આક્ષેપો અને વિશ્વાસઘાતનથી નિરાશા અનુભવતા નાયકની છે. અંતે દીકરીના આગ્રહથી મનોચિકિત્સકને મળવા રાજી થાય છે. વાર્તામાં અમુક સ્થળે કથનને બદલે સંવાદ પર ભાવકોએ ભાર મૂક્યો હતો.

Ph. 040 27532057
27535178

# શ્રી ગુજરાતી સેવા મંડળ

## SHREE GUJARATI SEVA MANDAL

1141, Rashtrapathi Road, Secundorabad - 500 003 (T.S.)

ગુજરાતી સાહિત્ય પરિષદનું આગામી ૪૯મું અધિવેશન
શ્રી ગુજરાતી સેવા મંડળ, સિકંદરાબાદના યજમાનપદે
સિકંદરાબાદ મુકામે
તારીખ ૨૩,૨૪,૨૫ ડિસેમ્બર-૨૦૧૭ના રોજ યોજાશે.
આ અધિવેશનમાં નીચે મુજબની બેઠકો રહેશે.

**ઉદ્‌ઘાટન બેઠક**

૨૩-૧૨-૨૦૧૭ને શનિવારે સવારે ૧૧.૦૦થી ૧.૩૦

**પ્રથમ બેઠક**

૨૩-૧૨-૨૦૧૭ને શનિવારે બપોરે ૩.૦૦

**સાહિત્ય અને રાષ્ટ્ર**

૨૩-૧૨-૨૦૧૭ને શનિવારે રાત્રે ૮.૦૦

યજમાન સંસ્થા આયોજિત **સાંસ્કૃતિક કાર્યક્રમ**

**બીજી બેઠક**

૨૪-૧૨-૨૦૧૭ને રવિવારે સવારે ૯.૩૦થી ૧૨.૩૦

**સાહિત્ય સ્વરૂપ : નાટક**

**ત્રીજી બેઠક**

૨૪-૧૨-૨૦૧૭ને રવિવારે ૩.૦૦થી ૬.૦૦

**સાર્ધ શતાબ્દીવંદના : કાન્ત**

**ચોથી બેઠક**

૨૪-૧૨-૨૦૧૭ને રવિવારે રાત્રે ૮.૩૦થી ૧૦.૩૦

**સાંસ્કૃતિક કાર્યક્રમ**

**પાંચમી બેઠક**

૨૫-૧૨-૨૦૧૭ને સોમવારે ૮.૩૦થી ૧૧.૦૦

**આદાન-પ્રદાન બેઠક : તેલુગુ-ગુજરાતી**

**છઠ્ઠી બેઠક**

૨૫-૧૨-૨૦૧૭ને સોમવારે ૧૧.૩૦થી

**સમાપન**

**નોંધ :** અધિવેશનમાં ભાગ લેવા ઇચ્છતા પ્રતિનિધિઓએ ભોજન-ઉતારા શુલ્ક રૂા. ૪૦૦/- તથા પ્રતિનિધિ શુલ્ક રૂા. ૩૦૦/- ભરવાના રહેશે. કુલ રૂા. ૭૦૦/- થશે. વિદ્યાર્થીઓએ ૫૦% રકમ ભરવાની રહેશે. (કાર્યક્રમનો અહેવાલ રજૂ કરનાર વિદ્યાર્થીને પ્રમાણપત્ર આપવામાં આવશે) ભોજન-ઉતારા અને પ્રતિનિધિશુલ્ક તા. ૧૫-૧૨-૨૦૧૭ સુધીમાં પરિષદ કાર્યાલય, અમદાવાદમાં ભરી દેવાથી વ્યવસ્થા સરળ થશે. ત્યારબાદ સ્વીકારવામાં આવશે નહીં.

વ્યવસ્થામાં સહાયભૂત થવા ઉપરની તારીખ સુધીમાં આપની ડેલિગેટ ફી ભરાઈ જાય તે ઇચ્છનીય છે ત્યારબાદ સ્થળ પર ભરનારે દોઢો ચાર્જ ચૂકવવાનો રહેશે.